Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# GPSC
# DYSO

## Previous Year Paper

### Mains General Studies-I
### 2017

Teachingninja.in

| **AIM-03** | This Question Booklet Contains 4 Printed Pages | પ્રશ્નપુસ્તિકા ક્રમાંક | |
|---|---|---|---|

Subject: **General Studies**

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| | |
|---|---|
| **સમય : 3 કલાક** | **Time : 3 Hrs.** |
| **કુલ ગુણ : 100** | **Total Marks : 100** |

**N.B.:** 1) પ્રશ્નપત્રમાં કુલ 7 પ્રશ્નો છે.

2) પ્રશ્ન 7, 16 ગુણનો છે. બાકી બધાં પ્રશ્નો 14 ગુણના છે.

3) દરેક પ્રશ્નના પેટા પ્રશ્નોના ઉત્તર એક સાથે જ લખવાનાં રહેશે.

4) ઉત્તરનું માધ્યમ ગુજરાતી જ રહેશે.

---

**01.** **અ) દરેક પેટા પ્રશ્નના 2 ગુણ છે, દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) સિંધુ સભ્યતાના મકાનોનું સ્થાપત્ય કલાની દ્રષ્ટિએ મૂલ્યાંકન કરો.

(2) ચિત્ર અને વિચિત્ર મેળો શું છે?

(3) ફિરોઝ તુઘલકે કરેલાં બાંધકામોની વિગતો આલેખો.

(4) રવિશંકર રાવળનું ચિત્રકલાના ક્ષેત્રે પ્રદાન દર્શાવો.

(5) 'જયશંકર સુંદરી' તરીકે લોકપ્રિય થયેલાં કલાકારનું નામ અને તેમણે 'સુંદરી' તરીકે ભજવેલ નાટક વિશે જણાવો.

**બ) દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે, દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) ભારતની કઈ ત્રણ પર્વતીય રેલવેને UNESCO દ્વારા વિશ્વ વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે?

(2) ગુજરાતની પ્રથમ ફિલ્મ (ચલચિત્ર) કઈ હતી? કોણે તેનું નિર્દેશન કર્યુ હતું?

(3) આગરાના લાલ કિલ્લાની બહાર અકબરે ક્યા રાજપૂત વીરોની પ્રતિમાઓ મૂકાવી હતી?

(4) વસ્તુપાલ-તેજપાલના બાંધકામોની વિગતો આલેખો.



Teachingninja.in

**02. અ) નીચે દર્શાવેલ પેટા પ્રશ્નના 3 ગુણ છે, જેનો ઉત્તર આશરે 50 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) લોથલના મુખ્ય લક્ષણો જણાવો.

**બ) દરેક પેટા પ્રશ્નના 2 ગુણ છે, દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) દીન-એ-ઈલાહી શું છે?

(2) શિવાજીની ધાર્મિક નીતિ તપાસો

**ક) દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે, દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) મેગેસ્થનીસના ''ઈંડિકા'' ગ્રંથમાં દર્શાવ્યા પ્રમાણે પાટલિપુત્રના નગર વહીવટની માહિતી આપો.

(2) મોઢેરાના સૂર્યમંદિર વિશે તમે શું જાણો છો?

(3) જૂનાગઢના ત્રિલેખ નામના શિલાલેખમાંથી ભારતના ઈતિહાસ વિશે શી માહિતી પ્રાપ્ત થાય છે?

(4) ખિલાફત આંદોલનનો મુખ્ય હેતુ શો હતો?

(5) 'હર્ષચરિત્ર' શું છે?

(6) 1857 ના વિપ્લવમાં ગુજરાતમાં ક્યાં અને કોણે સક્રિય ભાગ ભજવ્યો હતો?

(7) લોર્ડ લિટન તેના ક્યા કાર્યોને લીધે પ્રજામાં અપ્રિય બન્યો હતો?

**3. અ) દરેક પેટા પ્રશ્નના 2 ગુણ છે, દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) સુંદરવન ડેલ્ટા પ્રદેશનાં નિર્માણ માટેના ભૌગોલિક કારણો આપો.

(2) ગુજરાતમાં મીઠાના ઉત્પાદન માટેની અનુકૂળ ભૌગોલિક પરિસ્થિતિઓ સમજાવો.

(3) ક્ષારીકરણ એટલે શું? તેનાથી ગુજરાતનાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારો ક્યા છે?

(4) બાળ મૃત્યુ દર સમજાવો.

**બ) દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે, દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) ગુજરાતના ક્યા શહેરો સ્માર્ટ સિટી તરીકે વિકસિત કરવા પસંદ થયા છે અને તેના વિકાસના ક્યા મુદ્દાઓ ઉપર ધ્યાન અપાયું છે?

(2) પશ્ચિમી વિક્ષોભ એટલે શું?

(3) ભારતના ક્યા પ્રાકૃતિક પ્રદેશો ભૂકંપથી અસરગ્રસ્ત છે? શા માટે?

(4) ગુજરાતમાં સૌથી લાંબી નદી કઈ છે અને તેની લંબાઈ કેટલી છે?

(5) મેન્ગ્રુવ જંગલોની પ્રચુરતા ક્યાં હોય છે? શા માટે?

(6) Tsangpo (સાંગ્પો) ભારતમાં ક્યા નામથી ઓળખાય છે? તે ક્યાંથી ઉદ્ભવે છે?



Teachingninja.in

4. **અ) દરેક પેટા પ્રશ્નના 2 ગુણ છે, દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF) ના મુખ્ય કાર્યો વિશે નોંધ લખો.

(2) નાણાંનુ અવમૂલ્યન (Devaluation) શા માટે કરવામાં આવે છે?

(3) વેન્ચર કેપિટલ (Venture Capital) ની વ્યાખ્યા આપો.

(4) ભારતમાં ગરીબી રેખા અંગે ચર્ચા કરો.

(5) તૃતિયક ક્ષેત્ર (Tertiary Sector) એટલે શું?

**બ) દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે, દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) પરોક્ષ કર (Indirect Tax) શું છે?

(2) આર્થિક વિકાસના ભાગરૂપે માનવીય વિકાસ ઉપર શા માટે ભાર મૂકવામાં આવે છે?

(3) ભારતમાં રસાયણોની આયાત-નિકાસ કરતું એકમાત્ર બંદર ક્યું છે?

(4) IFAD વિશે તમે શું જાણો છો?

5. **અ) દરેક પેટા પ્રશ્નના 3 ગુણ છે, દરેકનો ઉત્તર આશરે 50 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) બંધારણના અનુચ્છેદ 19નું શું મહત્ત્વ છે?

(2) ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારોના રક્ષણ માટે કઈ જોગવાઈઓ છે તે જણાવો.

**બ) દરેક પેટા પ્રશ્નના 2 ગુણ છે, દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) બંધારણના અનુચ્છેદ 243D ની શું જોગવાઈઓ છે?

(2) કેશવાનંદ ભારતી ચુકાદો શું છે?

(3) ભારતના રાષ્ટ્રપતિ પાસે રહેલ 'પોકેટ વીટો' શું છે?

**ક) દરેક પેદા પ્રશ્નનો 1 ગુણ છે, દરેકનો ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપો.**

(1) મહાભિયોગ (Impeachment) એટલે શું?

(2) બંધારણની કલમ 356ની અગત્યતા શું છે?

6. **અ) દરેક પ્રશ્નના 2 ગુણ છે, દરેકનો ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) જૈવિક બળતણ અને અશ્મિકૃત બળતણના પ્રકારો આપી, બંને વચ્ચેની ભિન્નતા જણાવો.

(2) હવામાન અને આબોહવાની વ્યાખ્યા આપી, મુખ્ય ભિન્નતાઓ જણાવો.

(3) ભુવન (BHUVAN) વિશે આપ શું જાણો છો? તેના ફાયદા આપો.

**બ) દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે, દરેકનો ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપો.**

(1) ERNET શું છે?

(2) હિમાદ્રિ (HIMADRI) મથક ક્યાં આવેલ છે? તેની ઉપયોગિતા શું છે?

(3) રેડિયો કાર્બન ડેટીંગ એટલે શું?



Teachingninja.in

(4) ગ્રામીણ વિસ્તારોમાં વન્ય જીવોના સંરક્ષણ માટે અસાધારણ હિંમત અને સમર્પણ દાખવનાર વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહને ભારત સરકાર દ્વારા ક્યો એવોર્ડ આપવામાં આવે છે?

(5) સોલર સેલ (Solar Cell) એટલે શું તે શામાંથી બનાવવામાં આવે છે?

(6) Li-Fi એટલે શું? તેના શોધકનું નામ આપી, તે Wi-Fi કરતા કેવી રીતે ભિન્ન છે તે જણાવો.

(7) અવારનવાર ચર્ચિત ''પ્રોજેક્ટ લૂન'' (Project Loon) એ શાના માટેનો પ્રોજેક્ટ છે?

(8) ખારાઈ ઊંટની વિશેષતા શું છે?

7. **અ) દરેક પેટા પ્રશ્નના 2 ગુણ છે, દરેકનો ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) India INX શું છે?

(2) e-NAM પ્રોજેક્ટ વિશે જણાવો.

(3) 'મિશન ઈન્દ્રધનુષ' શા માટે છે? ટૂંકમાં જણાવો.

(4) ચાબહાર (Chabahar) બંદર વિશે લખો.

**બ) દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે, દરેકનો ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) AIIB શું છે?

(2) ઓપરેશન સંકટમોચન વિશે જણાવો.

(3) BIMSTECનો પરિચય આપો.

(4) BHIM શું છે?

(5) 'ત્રિનેત્ર' પ્રણાલી હાલમાં કોણે અપનાવી છે?

(6) Brexit શું છે?

(7) એન્ટોનિયો ગટર્સ (Antonio Gutters) કોણ છે?

(8) છેલ્લી હાર્ટ ઓફ એશિયા (Heart of Asia) શિખરમંત્રણા ક્યાં યોજાઈ ? તેનો હેતુ શું હતો?



Teachingninja.in